
## સિદ્ધુ પંજાબમાં નવાં સમીકરણો સર્જી શકે છે

**તંત્રીસ્થાનેથી...**

સામાન્ય રીતે ક્રિકેટરો અને કચકડાનાં હીરો-હીરોઈનો એમની સ્ટાર ઈમેજને કારણે ચૂંટણી પ્રચારમાં ગરમાવો લાવવા પૂરતાં જ ખપનાં ગણાતાં રહ્યાં છે. કયારેક એમને ચૂંટણી મેદાનમાં ઉતારી પ્રતિષ્ઠિત રાજકીય નેતાઓને ઘર ભેગા કરાયા હોવાના કિસ્સા પણ બનતા રહ્યા છે. અલ્હાબાદમાં ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હેમવંતીનંદન બહુગુણા સામે રાજીવ ગાંધીએ એમના અઝીઝ દોસ્ત અમિતાભ બચ્ચને કોંગ્રેસના ઉમેદવાર બનાવી આવું પરાક્રમ કરાવેલું. ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના અને રાજેશ ખન્ના ઉપરાંત સ્મૃતિ ઈરાની અને જયાપ્રદા જેવા સિનેસ્ટાર તથા અઝહરુદ્દીન, કીર્તિ આઝાદ અને ચેતન ચૌહાણ જેવા ક્રિકેટરોનો પણ આવા જ હેતુસર ઉપયોગ થતો રહ્યો છે. પરંતુ પંજાબી સરદાર નવજોત સિદ્ધુની સ્ટોરી એ બધાથી થોડી અલગ પડે છે. સિદ્ધુ પાસે ગજબની વાક્છટા છે. વાક્છટા તો અમિતાભ બચ્ચન પાસે પણ છે, પણ એમનામાં રાજકીટ સૂઝ માપની જ છે. સિદ્ધુ મહત્વાકાંક્ષી રાજકારણી છે. ભારતીય જનતા પાર્ટીએ એમને અમૃતસરની બેઠક પરથી સતત ચૂંટાતા રહેલા લોકપ્રિય કોંગ્રેસી નેતા પ્રો. રઘુનંદનલાલ ભાટિયા સામે ચૂંટણી લડાવીને ભારે અપસેટ સર્જ્યો પછી સિદ્ધુ પાર્ટી માટે અસ્કામત બની રહ્યા હતા. સ્ટાર પ્રચારક તરીકે એમની ભારે માગ રહ્યા કરતી હતી. પરંતુ સિદ્ધુ પંજાબના અકાલી રાજકારણ સાથે એડજસ્ટ થઈ શક્યા નહીં. સિદ્ધુનાં પત્ની પણ ભાજપની ટિકિટ પર ચૂંટાયેલા ધારાસભ્ય છે અને અકાલી-ભાજપ સરકારમાં મુખ્ય સંસદીય સચિવનો હોદ્દો ધરાવે છે. જો કે તેઓ અકાલીદળનાં કટ્ટર ટીકાકાર રહ્યાં છે. પાર્ટીએ પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવી જોઈએ એવો સિદ્ધુ દંપત્તિનો આગ્રહ ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ ફગાવી દીધો એટલું ઓછું હોય એમ પાર્ટીના વરિષ્ઠ નેતા અરુણ જેટલી માટે એમણે અમૃતસરની બેઠક ખાલી કરવાની ફરજ પાડી. ત્યારે સિદ્ધુનું સ્વમાન સ્વાભાવિક રીતે જ ઘવાયું હતું અને સામેથી પાર્ટી દ્વારા દિલ્હીની કોઈ બેઠક પર ચૂંટણી લડવાની ઑફર એમણે નકારી દીધી હતી. જેટલી અમૃતસરની બેઠક પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ સામે હારી ગયા એમાં પણ સિદ્ધુનો આડકતરો ફાળો હશે જ. પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં સિદ્ધુ ફેકટર નડતરરુપ ન બને એવી ગણતરીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવજોત સિદ્ધુને રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત રાજયસભાના સદસ્ય બનાવી સન્માનિત કર્યા હતા. પરંતુ સિદ્ધુ માટે 'પંજાબ' વધુ મહત્ત્વનો મુદ્દો છે. તેઓએ રાજયસભાના સભ્ય બની શોભાનાં ગાંઠિયા તરીકે ભાજપના હાથનું રમકડું બનવા કરતાં આમ આદમી પાર્ટી સાથે જોડાઈ પંજાબના મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનવાનું બીડું ઝડપવાનું પસંદ કર્યુ છે. રાજયસભામાંથી રાજીનામું આપતાં એમને વડાપ્રધાન સહિત કેન્દ્રીય નેતાગીરી રોકી શકેલ નથી તે જ શું સૂચક નથી? સિદ્ધુ ઘણા લાંબા સમયથી આમ આદમી પાર્ટીના સર્વેસર્વા કેજરીવાલના સંપર્કમાં હોવાનું કહેવાય છે. કેજરીવાલને આમ આદમી પાર્ટી માટે પંજાબમાં એક ચહેરાની જરુર હતી તે સિદ્ધુના પ્રવેશથી પૂરી થશે. આમ આદમી પાર્ટીએ લોકસભાની ચૂંટણીમાં સારો દેખાવ કર્યો હતો. જાટ શીખ સમુદાયમાંથી આવતા સિદ્ધુ ફક્ત ભાજપને નહીં, કોંગ્રેસના અમરિંદર સિંહને પણ ભારે પડી શકે છે. સિદ્ધુ ને ખેરવી લઈ કેજરીવાલે સૌથી મોટો ફટકો મોદીને માર્યો છે. આથી જે રાજકીય સમીકરણો બદલાશે તે 'હંગ વિધાનસભા' જેવી સ્થિતિ પણ સરજી શકે. 'આપ' માટે આ મોટી ઉપલબ્ધિ હશે.

## વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી; માથે ધરું ધૂળ વસુંધરાની : કવિ ઉમાશંકર જોષી

**પ્રસંગસર**
**સ્વાતિ શુક્લ**



'સૌંદર્ય પી ઉરઝરણ ગાશે પછી આપમેળે' માત્ર સત્તર વર્ષની વયે આ સુંદર સૉનેટથી કાવ્યદિક્ષા પામનારા આ કવિના એક એક કાવ્યો મંત્રો, સુભાષિતો અને સ્તોત્ર જેવા અમૂલ્ય છે. કવિનો જન્મ તા. ૨૧.૭.૧૯૧૧ના રોજ ઉત્તર ગુજરાતના ઈડર પાસે આવેલા બામણાં ગામમાં થયો હતો.

કવિશ્રી ઉમાશંકર જોષીનું પ્રાથમિક શિક્ષણ ધોરણ ત્રણ સુધી બામણાની શાળામાં, ચોથાથી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ ઈડરની શાળામાં થયો. ત્યાં લેખક પન્નાલાલ પટેલ તેમના સહાધ્યાયી બન્યા અને વાંચન લેખનની તીવ્ર અભિપ્સા જાગી. ૧૯૨૮માં અમદાવાદની પ્રોપાઈટરી હાઈસ્કૂલમાંથી અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ ક્રમાંકે મેટ્રિક પાસ કર્યું હતું. તેઓ અદ્ભૂત સ્મરણશક્તિ ધરાવતા શિક્ષકોના પ્રિય તેજસ્વી વિદ્યાર્થી હતા. ૧૯૩૦માં ઈન્ટર આર્ટ્સમાં હતા ત્યારે ૧૯ વર્ષની વયે 'વિશ્વશાંતિ' જેવું ખંડકાવ્ય રચ્યું.

૧૯૩૦ થી ૧૯૩૪ સુધી તેઓ સત્યાગ્રહની લડતમાં સક્રિય રહ્યા. આ દરમિયાન તેઓ સાબરમતી જેલમાં મરાઠા અને યરવડા જેલમાં બંગાળી અને ઉર્દૂ શીખ્યા.

૧૯૩૪માં તેઓએ 'ગંગોત્રી' કાવ્ય સંગ્રહ પ્રગટ થયો ત્યારથી એક પછી એક સર્વોત્તમ રચનાઓ થકી તેઓ ગંગામૈયાના પ્રવાહની જેમ ગુજરાતી ભાષાને વધુને વધુ પવિત્ર કરતા ગયા. કવિ ઉમાશંકર જોષીની કવિતાઓ નખશીખ સુંદર, છંદોબદ્ધ, લયબદ્ધ, કરૂણાસભર, જીવનમૂલ્યો અને પારદર્શક સત્યની ઝાંખી કરાવનારી, સમાજ અભિમુખ આર્દના રજૂ કરનારી છે. 'ગંગોત્રી'માં શિખરીણી છંદમાં 'બળતા પાણી', 'એક બાળકીને સ્મશાને લઈ જતાં', 'પીંછું', 'બીડમાં સાંજ વેળાં', 'વડ' જેવા કાવ્યમાં વાસ્તવિક દર્શન ઉત્કૃષ્ટ રીતે વ્યક્ત થાય છે. ૧૯૩૨માં 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકરણી ન લાધશે.' રચાયેલી આ પંક્તિમાં પીડીતો માટેની પારાવાર કરૂણા વ્યક્ત થાય છે. 'નિશીથ' કાવ્યસંગ્રહમાં નાદતત્વ સાથે નટરાજનું નર્તન કેવું કેવું ઉઘડે તેનું ઉદાહરણ જોઈએ.

'નિશીથ હે ! નર્તક રૂદ્રરમ્ય !
સ્વર્ગંગનો સોહન હાર કંઠે.'

આ સંગ્રહમાં જ અનન્ય સોનેટમાળા 'આત્માના ખંડેર'માં યથાર્થનો સ્વીકાર કરીને જીવનની સાચી પકડ શું છે તેનો મર્મ દર્શાવ્યો છે.

'હતું સૌ એ સાચું! હતી પણ ખરી હુંની જ મણા,
વિના હું બ્રહ્માંડે કવણ કરતે વિશ્વ રમણા?'

આ સંગ્રહમાં કરૂણ પ્રશસ્તિ કાવ્ય 'સદ્ગત મોટાભાઈ', 'અન્નબ્રહ્મ', 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા', 'લોકલમાં,' 'પોતાના લગ્ન માટે ઘર શણગારતી બાલા' જેવા વિશિષ્ટ છાંદસકાવ્યો તેમજ 'ગુજરાત મોરી મોરી રે', 'દૂર શું? નજીક શું?', 'માનવીનું હૈયું,' 'ગાણું અધુરું,' જેવા ગીતો, લોકરાસની રીતિનું ગીત 'સાબરનો ગોઠીયો', ઘરાકનું ભાન ભૂલી વાંસળી વગાડવામાં લીન થઈ જતો 'વાંસળી વેચનારો' વગેરે ઉત્તમ કાવ્યો મળે છે.

'પ્રાચીના' તથા 'મહાપ્રસ્થાન'માં એમણે નાટ્ય કાવ્યો આપ્યાં છે. જેમાં બોલચાલની છટાઓને ભાવમયતાની કક્ષાએ રજૂ કરાઈ છે. એમના પ્રિય શિખરીણી છંદમાં 'કચ', 'કર્ણકૃષ્ણ', 'મંથરાં', 'બાલ રાહુલ' જેવા નાટ્યો કાવ્યો ખૂબ જ પ્રવાહી શૈલીમાં રચ્યાં છે. ધારાવસ્ત્ર કાવ્યસંગ્રહમાં કવિએ ભવ્ય કલ્પન દ્વારા પકડી ન શકાય તેવા અધ્યાત્મ રહસ્યને ઘૂંટ્યું છે. 'મૂળિયાં', 'એક પંખીને કંઈક', 'ગોકળગાય', 'સીમ અને ઘર' તથા અગિયાર બાળકાવ્યો પણ આ જ સંગ્રહમાંથી મળે છે.

૧૯૪૭ થી ૧૯૮૪ સુધી તેઓએ 'સંસ્કૃતિ' માસિક દ્વારા સાહિત્ય, કલા, ઈતિહાસ, ધર્મ વગેરેની શિષ્ય પ્રબુદ્ધ સામગ્રી ગુજરાતની પ્રજાને આપી છે. અધ્યાપન કાર્ય ઉપરાંત, ભાષાભવનના અધ્યક્ષ, યુનિવર્સટીના ઉપકુલપતિ, રાજયસભાના સભ્યપદ, દિલ્હીની સાહિત્ય અકાદમીના પ્રમુખપદ તથા વિશ્વભારતી શાંતિ નિકેતનના કુલપતિપદે તેઓએ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું.' રણજીતરામ સુવર્ણ ચંદ્રક, નર્મદચંદ્રક, દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર, વિશ્વગુર્જરી પુરસ્કાર, મહાકવિ કુમારત આશાન પારિતોષિક, રવીન્દ્રતત્વાચાર્યની પદવી, કેન્દ્રીય સાહિત્ય અકાદમીની ફેલોશીપ તથા ભારતીય જ્ઞાનપીઠ (કન્નડ કવિ, પુટપ્પા સાથે) તેઓને આપવામાં આવ્યો છે.

## આપણે નસીબદાર છીએ કે આપણા સંસ્મરણો બા ની ઔષધપેટી સાથે જોડાયેલા છે




ચલો થોડું ટાઈમ ટ્રાવેલ કરીએ. બાળપણમાં પહોંચીએ. ગામડા કે તાલુકામાં સરસ ઘર હોય, સંતોષથી બધા રહેતા હોય, ઉનાળે અને દિવાળીએ આખું કુટુંબ ભેગુ થઈ આનંદ કરતું હોય અને આપણે આપણા ભાઈભાંડુઓ સાથે આખો દિવસ ગામના રસ્તાઓ, મેદાનો, ખેતરો, અને ડુંગરાઓ ખુંદતા હોઈએ. આ ઘરમાં એક બા હોય જે બધા પર વોચ રાખતા હોય. છોકરાવને નવડાવે, ખવડાવે, વાર્તા કરે અને વઢે. આ બા ઘરનાં ડૉક્ટર પણ કહેવાય. ઘરમાં કોઈ સાજુ-માંદુ થાય કે આડોશ પાડોશમાં પણ કોઈ માંદુ પડે કે તરત જ બાનો ખજાનો ખુલે. આ ખજાનો એટલે બાની ઔષધપેટી.

### બા ની ઔષધપેટી

આ ઔષધપેટીમાં સામાન્ય રોગોના સરળ ઈલાજ સમા ઓસડીયાઓનો ખજાનો હોય. અને ઓસડીયા પણ કેવા?... તુલસી, હરડે, લીમડો, કડું, કરિયાતું, ગોખરૂ, સાટોડી, કુંવાર, ગળો, જેવા ઔષધો... હિંગ્વષ્ટક(હિંગાષ્ટક), સુદર્શન, રસાયણ, સિતોપલાદિ, ત્રિફળા, કુટજઘન, બાલાગુટી, ચિત્રકાદિ, ગંગાધર, અને પંચગુણ તેલ જેવા ઔષધયોગો... અને હળદર, જીરૂ, રાઈ,હિંગ, મેથી, આદુ, સૂંઠ, કોથમીર, અજમો, ગોળ, સંચળ, મરી, વરિયાળી જેવા રસોડાના ઔષધો તો અહર્નિશ હાજર જ હોય. આ બધા અદ્ભૂત ઔષધોથી ભરપૂર એવી ઔષધપેટી નાના મોટા રોગોને તો ચપટીમાં ભગાડી દેતી. ઈમરજંસી કંડીશનમાં પણ ધાર્યુ કામ કરતી, અને ઘણા ઘરોમાં રોજીંદા સ્વાસ્થ્ય માટે ઔષધપેટીમાંના ઔષધોનો ઉકાળો કરી છોકરા છૈયાઓને રોજ પાવામાં આવતો. આપે પણ આવો કડવો (પણ વાસ્તવમાં મીઠો) અનુભવ કર્યો જ હશે.

તાવ આવે કે બા સુદર્શનનો ફાકડો મરાવી દે, કડું કરિયાતું પિવડાવી દે, શરદી થઈ હોય તો તુલસી-મરી-અજમા અને અરડુસીનો ચા જેવો ઉકાળો કરી ને પી જવાનો, અને સાથે સિતોપલાદિ અને મધ ચાટી જવાના. ઉનાળું વેકેશનમાં આખો દિવસ બહાર રખડવાનું ભર બપ્પોરે દોસ્તારો સાથે રમવાનું. આવી મજાઓ વચ્ચે ક્યાંક લૂ ન લાગે એ માટે ઘરમાં ગોળ-વરિયાળી-ધાણાજીરુ નું માટલાના ઠંડા પાણીમાં બનાવી રાખેલું શર્બત તૈયાર જ હોય. ઉનાળામાં ક્યારેક બહુ ગરમી લાગી ગઈ હોય તો ગરમીના ઝાડા થઈ જાય એવુ પણ બને, આવા ટાણે રસોડાને મઘમઘાવતી કોથમરીનો રસ કાઢી તેને સાકર સાથે પી જવાની, અને સાથે બા ઔષધપેટીમાં રહેલ બીલાના ચૂર્ણનો ફાંકડો મરાવી દે અને કડાછાલ (કુટજ) ખવડાવી દે એટલે એકાદ દિવસમાં જ ફરી શક્તિમાન. ક્યારેક આપણે બહારનું જેવું તેવું ખાઈને આવ્યા હોઈએ ને પછી રાત્રે પેટમાં દુખે અને ગોળો ચડે કે તરત જ ઔષધપેટી ખુલે અને હિંગાષ્ટક કે હરડે નો ડોઝ મળી જાય, પેટ પર હિંગ ચોપડવામાં આવે, અને થોડી વારમાં વાછૂટ થઈને શાંતિથી ઉંઘ પણ આવી જાય, અને સવારે મસ્ત પેટ સાફ. સુવાવડી સ્ત્રીને બા ઔષધપેટીનાં અને રસોડાના ઔષધોમાં થી તૈયાર કરેલું પૌષ્ટિક કાટલું ખવડાવે, અને ધાવતા બાળકને ઝાડા કે તાવમાં બાળાગુટી, હરડે, કે ગળો પણ ચટાડે...

આપણે નસીબદાર છીએ કે આપણા આવા કેટકેટલાય સંસ્મરણો બાની ઔષધપેટી સાથે જોડાયેલા છે. દુનિયા બદલી રહી છે. આપણું જીવન પ્રોટીન પાઉડર અને વિટામીનની ગોળીઓ વડે ચાલે છે..અને આપણાં બાળકોનું મોબાઈલ અને ઈંટરનેટ વડે... ઓસડીયાઓની જગ્યાએ પેરાસીટામોલ અને રાનિટીડીન આવી ગયા છે...રોજ નવા નામના રોગો આવે છે અને રોજ નવા નામની વેક્સીન શોધાય છે... તબીબીશાસ્ત્ર અને ટેકનોલોજીએ હરણફાળ ભરી છે... બધું જ હાથવેંતમાં છે... આપણા મોબાઈલમાં રોજેય કેટલીય સ્વાસ્થ્ય વિષયક માહિતીઓનો ખજાનો ઠલવાય છે, જેમાની અમુક માહિતીઓ ઉપયોગી પણ હોય છે...

...પણ બાની ઔષધપેટી બા નાં સંસ્મરણોની જેમ જ માળીયામાં ક્યાંક ધૂળ ખાય છે. વધું કઈ નહિં, પણ આ ધૂળને ખંખેરીએ.. સંસ્મરણોને તાજા કરી થોડો ''બા'' નો રોલ નિભાવીએ.. ફર્સ્ટ એઈડ બોક્સની બાજુમાં જ એક ઔષધપેટી રાખીએ અને તેના ''કડવા-મીઠા'' અનુભવો કરીએ અને કરાવીએ...

- contact@atharvaayu.com

## માણસ પડે તો માત્ર તેને એકલાને જ ફ્રેકચર થાય પણ જો માણસાઈ પડે તો સમાજ આખાને ફ્રેકચર થાય




માન્યું, છે મહત્તા મોટાની, નાનાની કિંમત કાંઈ નથી;
તો ઝરણું મીઠું શા માટે? ને સાગર ખારો શા માટે?

- શયદા

આજકાલ ચર્ચાસ્પદ બનેલી બે ઘટનાઓ - ભરબજારે દલિત યુવાનો પર ગુજારાયેલો અમાનુષી અત્યાચાર - ને બીજી ઘટના - સમાજના મોભીઓની હાજરીમાં પ્રેમલગ્ન કરનાર આદિવાસી યુવક-યુવતીની બેરહમ થતી પીટાઈ...

સમાજનું આ અતિ દુઃખદ ચિત્ર છે, આપણા લોકશાહીના પાયામાં રહેલી સ્વતંત્રતા - સમાનતા - બંધુતાની ભાવના હજુ દેશવાસીઓમાં આપણે જગાવી શક્યા નથી...

'એકવીસમી' કહો કે 'એકવસમી' ગણો... પણ આ સદીની વરવી વાસ્તવિકતા સમી આ ઘટનાઓ સમાજની આંખ ખોલશે ખરી?! માનવજાત પર સુશાસન કરવાના કોડ ધરાવનારાઓનું રામરાજ્ય કેવું હશે?!

જ્ઞાન-વિજ્ઞાનની સદી તરીકે પોંખનારાઓ એકવીસમી સદીને યોગ્ય નાગરિક ઘડતર કરી શકશે ખરા?!!

આપણા પ્રસિદ્ધ કવિ 'સ્નેહરશ્મિ' ના પિતા રતનજીભાઈના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. એમના ગામના કોઈક જુવાનિયાએ ગુનો કરેલો અને પોલીસ એને થાણે લઈ ગયેલી. એ જુવાનના જામીન થઈને રતનજીભાઈ એને છોડાવી લાવેલા. પરંતુ જુવાનની બેદરકારીને કારણે રતનજીભાઈને જામીનગીરી ભરવી પડેલી. એ જુવાન ફરી ગુનામાં આવ્યો અને રતનજીભાઈને ફરી જામીનગીરી આપવા તૈયાર થયેલા જોઈને ગામલોકોએ વાર્યા, ''છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય - ગામ તો માવતર કહેવાય.'' રતનજીભાઈના મોંઢેથી આટલો જ જવાબ નીકળ્યો હતો. હૃદયની આવી અમીરાત જોઈને પેલા જુવાનનું હૃદય પરિવર્તન થયેલું.'' જયારે કોઈ અઘટિત ઘટના બને ત્યારે ગામ કે સમાજના શાણા પુરુષોએ કોઈપણ ભોગે ઉકેલ શોધવા મથવું પડે. પ્રત્યેક વ્યક્તિએ આત્મચિંતન કરવું રહ્યું...

દોસ્તો, જીવન તરફ જોવાનો આપણો દૃષ્ટિકોણ આત્મગૌરવાત્મક હોવો જોઈએ. એમાંયે ખાસ કરીને યુવાન ઉન્મત્ત ન બને પરંતુ તેણે તેજસ્વી તો રહેવું જ જોઈએ. બેચાર ભોગો માટે પોતાનું સ્વમાન હોડમાં મૂકનાર યુવાન પોતાની યુવાનીને લજવે છે.

સ્વમાનભેર જીવવું એ માનવ્યની શોભા છે. સમાજની આવી ચિંતિત પરિસ્થિતિથી હતાશ થઈને બેસી રહેલાઓએ ગ્રીક તત્વચિંતક એરિસ્ટોટલના શબ્દો સમજવા રહ્યા - ''આદર્શ પુરુષ એ જ છે કે જીવનમાં આવી પડેલ અકસ્માત અને દુર્દશાને મોભા સાથે અને સન્માન સાથે ઝીલી લે અને આવી પડેલા સંયોગોનો સામનો કરીને બહાર નીકળી આવે!''

સમાજમાં ખુલ્લેઆમ જાહેરમાં થતા અત્યાચાર તો જોઈ શકીએ છીએ પરંતુ હજુએ બીજાને હલકો ગણવાની માનસિકતાનો ભોગ બનનારાઓની પીડાનું ''લાઈવ કવરેજ'' શક્ય ખરું? હજુએ આપણી આસપાસ સેવકને ઘરઘાટી બનાવનારા અમલદારો પણ છે. સત્તાના તોરમાં રૂઆબ છાંટનારાઓ પોતાના હાથ નીચેના કર્મચારીનું ડગલે ને પગલે મન મારી નાંખતા પણ જોવા મળશે જ...

સમાજનું કે દેશનું જે થવું હોય તે થાય.... પદ-પ્રતિષ્ઠા ને પૈસા માટે તળે ઉપર થનારાઓનો આપણે ત્યાં તોટો નથી...

આવા વાસ્તવમાં ટકવું હશે ને જીવવું હોય તો આત્મબળ કેળવવું પડશે... રુઝવેલ્ટે સાચે જ કહ્યું છે, ''ઘૂંટણીયે પડીને જીવવા કરતાં પોતાના પોતાના પગ પર ઉભા રહીને મરી જવું બહેતર છે.''

દોસ્તો, એક લોકકથા છે એક શેઠે એક સિંહના બચ્ચાને બચપણથી પોતાની પાસે રાખીને ઉછેર્યું. સિંહ તેમના પરિવારના સભ્ય જેવો બની ગયો. એક દિવસ શેઠનો મિત્ર એમને મળવા આવ્યો. સિંહને જોઈને એ ગભરાઈ ગયો. શેઠે કહ્યું, 'ડર નહી. આ તો વર્ષોથી અમારા ઘરમાં જ રહે છે. પરિવારના સભ્ય જેવો જ છે. મિત્રે કહ્યું, 'ભલે કુટુંબનો સભ્ય હોય પણ છે તો સિંહ!' શેઠથી બોલતા બોલાઈ ગયું કે, 'છે સિંહ, પણ છે કૂતરા જેવો!' સિંહને આ સાંભળીને ખૂબ આઘાત લાગ્યો. મહેમાનની હાજરીમાં એ કશું બોલ્યો નહિ. પરંતુ મહેમાનના ગયા પછી એણે શેઠને કહ્યું, ''શેઠ સાહેબ, હું તમારા પ્રેમથી બંધાયેલો હતો પરંતુ તમે મને કૂતરો સમજો છો, તેની મને આજે ખબર પડી, હવે હું સિંહ છું. એ મારે સાબિત કરી જ આપવું જોઈએ. તમારા ઈષ્ટદેવને યાદ કરી લો. આ તમારો છેલ્લો દિવસ છે!''

સમાજના બની બેઠેલા ઠેકેદારો બીજાને ભલે કૂતરા જેવા તુચ્છ જ ગણે પરંતુ આવા લોકોમાંથી એકાદમાં જો સિંહત્વ જાગી જશે તો સ્થાપિત હિતોનું આવી બનશે!!

એક વાત નિશ્ચિત છે કે જે પોતાનું સ્વમાન સાચવી શકે તે જ રાષ્ટ્રનું સન્માન કે સંસ્કૃતિની શાન વધારી શકે.

સ્પર્શમણિ

માણસ પડે તો માત્ર તેને એકલાને જ ફ્રેક્ચર થાય પણ જો માણસાઈ પડે તો સમાજ આખાને ફ્રેક્ચર થાય.

Rasikvaland1965@gmail.com

## ઉમાશંકર જોષી એવડા મોટા ગજાના કવિ છે કે તેમની કવિતાની વાતો અનેકવાર કર્યા વગર આપણો છૂટકારો નથી




આજે એકવીસમી જુલાઈ એટલે ગુજરાતના કવિવરશ્રી ઉમાશંકર જોશીનો જન્મદિવસ. તે સમયના ઈડર સ્ટેટના બામણા ગામમાં ૧૯૧૧ના વર્ષમાં તેમનો જન્મ થયેલો. ચોથા ધોરણ સુધીનું શિક્ષણ બામણામાં મેળવી આગળનો અભ્યાસ ઈડરના છાત્રાલયમાં રહીને કર્યો. અહીં પન્નાલાલ પટેલ સહાધ્યાયી રુપે મળ્યા અને આજીવન મિત્ર રહ્યા. ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે બંને શાળા મિત્રોને ભારતીય જ્ઞાનપીઠ જેવો સાહિત્યનો સર્વોચ્ચ એવોર્ડ પ્રાપ્ત થયો. અહીં તેઓ એક સહાધ્યાયી પાસેથી છંદ શીખ્યા અને 'ઓ હિંદ દેવી માત મારી...' જેવી હરિગીત છંદમાં કવિતાની પહેલી પંક્તિ રચાઈ. પછી મેટ્રીકના અભ્યાસ માટે અમદાવાદ આવ્યા. મેટ્રીકની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ ક્રમે પાસ થઈ ઉચ્ચ અભ્યાસ અર્થે ગુજરાત કૉલેજમાં જોડાયા. દિવાળીની રજાઓમાં મિત્રો સાથે શરદપૂર્ણિમા પર આબુ ગયા, અહીં 'નખી સરોવર પર શરદપૂર્ણિમા' કાવ્ય રચાયું. બસ એ પછી કવિએ પાછુ વાળીને જોયું નથી. ૧૯૩૧માં વિશ્વશાંતિ, ૧૯૩૪માં ગંગોત્રી અને ૧૯૩૯માં નિશીથ કાવ્યસંગ્રહો પ્રગટ થયા. તે પૈકી નિશીથને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો, જે ગુજરાતી સાહિત્ય માટે પહેલી ગૌરવમય ક્ષણો હતી.

### ઉમાશંકરની ગદ્યસૃષ્ટિ

આ વિભાગમાં ઉમાશંકર જોશીના કાવ્યો ઘણીવાર રજૂ થયા છે અને શ્રી જોષી એવડા મોટા ગજાના કવિ છે કે તેમની કવિતાની વાતો અનેકવાર કર્યા વગર આપણો છૂટકારો નથી. પરંતુ આજે આ વિભાગમાં તેમના ગદ્ય વિશે થોડીક ગમતી વાતો કરવાનું ખૂબ મન થયું છે. શ્રી જોષીએ નિબંધ સ્વરુપે ગોષ્ઠી (૧૯૫૧), ઉઘાડી બારી (૧૯૫૯) અને શિવસંકલ્પ નામના પુસ્તકો ગુજરાતી ભાષાને ચરણે ધર્યા છે. તેમાં ગોષ્ઠી અને ઉઘાડી બારીના નિબંધોએ જે તે સમયે નિબંધ જગતમાં એક સાવ નવી આબોહવા સર્જી દીધી હતી. શિવ સંકલ્પના નિબંધો તેમના 'સંસ્કૃતિ' સામયિકમાં અવારનવાર રજૂ કરવામાં આવેલા વિચારોનું નિબંધ સ્વરુપ છે. 'સમય રંગ' માં પણ આવા સેંકડો ચિંતન સમાયેલા છે. સમ-સંવેદન (૧૯૪૯), અભિરુચિ (૧૯૫૯), શૈલી અને સ્વરુપ (૧૯૬૦), નિરીક્ષા (૧૯૬૦), કવિની સાધના (૧૯૬૧) અને શ્રી અને સૌરભ (૧૯૬૭) જેવા વિવેચન સંગ્રહોમાં એમની ગદ્યવાણી સતત વહેતી રહી છે. તેમણે અનેક સંપાદકો કર્યા છે. પ્રવાસવર્ણનો લખ્યા છે. બે વાર્તાસંગ્રહ અને એક નવલકથા પણ લખી છે. આમ તેઓના કવિસ્વરુપની સામે એક મોટો ઘણી શકાય એવો ગદ્યકાર પણ ઊભો છે. અહીં તેમના ગદ્યના બે-ત્રણ નમૂના

(૧) કવિતા અને કવિ.

પહેલાં કરતાં કવિતાને માટે પ્રચારના સાધનો ખૂબ વધ્યાં છે. કવિતા થોડા સમયમાં ઘણાઓ સુધી પહોંચી શકે એ સંભવિત બન્યું છે, આમાં કેળવણીનો વધતો જતો પ્રચાર, પાઠ્યપુસ્તકો દ્વારા બહોળા વિદ્યારથી-સમુદાય સુધી કવિતાનું પહોંચવું, કવિ અને રેડિયો દ્વારા થતી કવિતાની રજૂઆત - આ બધાને નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. પહેલાંના ઉત્તમ કવિઓની કવિતા પણ આટલી સહેલાઈથી બહોળા વર્ગ સુધી પહોંચી શકે તેવું ન હતું.

તો એમ માનવું કે કવિતા લોકપ્રિય થઈ છે? શું ખરેખર કવિતા લોકોના જીવનમાં એક મહત્ત્વના અંશરુપ બની છે?

સહેજ વિરોધાભાસ જેવું લાગશે, પણ મને તો એમ લાગે છે કે અત્યારના સમયમાં એક પ્રજા તરીકે આપણે ઓછામાં ઓછી કવિતાથી ચલાવીએ છીએ. આપણા જૂના માણસોનું જીવન તપાસીશું તો દેખાશે કે તેમના જીવનમાં કવિતા ઠીક ઠીક મહત્ત્વનો ભાગ ભજવતી. પ્રેમાનંદના 'હૂંડી,', 'મામેરું', 'સુદામાચરિત' જેવા આખ્યાનો અનેકવાર એમણે માણ્યા હોય. અનેક ગરબી-ગરીબા, ભજનો, પ્રભાતિયાં, વ્રતકથાઓ, દુહા કહેવતો, ઉખાણાં - આ આપણા અભણ ગણાતા ભાંડુઓને કંઠે હોય.

જયારે, એમના પ્રમાણમાં, ભણેલા માણસોને કેટલી ઓછી કાવ્ય-પંક્તિઓ મોઢે હોય છે? જૂનાં માણસોની વાણીનું પોત અનેકવાર લોકોક્તિઓ અને રૂઢિપ્રયોગોથી ભાતીગળ અને સોહામણું જોવા મળે છે, જયારે આપણા જમાનાના માણસો વિશે એવું હિંમતભેર કહી નહિ શકાય. ટૂંકામાં, અભણ ગણાતાં માણસો જીવનમાં કવિતા વિના ચલાવી લેતાં નથી, પણ ભણેલા વર્ગે કવિતા વગર જીવવાની કળા હસ્તગત કરી હોય એવું દેખાય છે.

(૨) ઓસવાતો આત્મા :

સવારે ઊઠ્યા અને રાતે સૂતા તે વચ્ચે દિવસભરમાં એકવાર પણ જેણે આખા દેશનો વિચાર કર્યો હોય, એવી વ્યક્તિઓ કેટલી હશે?

સ્વતંત્રતા માટે લડતા હતા ત્યારે ગામડામાં બેઠેલો નાનો અમથો સેવક, ગ્રામસફાઈ કરતાં કે રેંટિયો કાંતતાં, વાઈસરોયને ગાંધીજીએ લખેલા પત્રનો કે એવા કોઈ નિવેદનનો ખુમારીપૂર્વક વિચાર કરતો અને પોતાના હૃદયના તારા રાષ્ટ્રીય ધ્યેય સાથે સાંધતો. આજે એવું સંધાન જવલ્લે જ જોવા મળે છે. જાણે કે દરેક વ્યક્તિ, દરેક જૂથ પોતાનું ભરી લેવા માંગે છે; પછી આખા દેશનું ગમે તે થાઓ. કદાચ જે મૂળે આપણી રાષ્ટ્રીય કમજોરી હતી જ, તે લોકશાહી સ્વાતંત્ર્ય મળ્યા પછી વધુ વકરી છે.

(૩) આટલું જરી ભૂલશો નહીં -

તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો, ધારાસભા ગજવો કે મોટી મોટી મેદની ડોલાવો, ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ, પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે - તમે અહીં અત્યારે ભણો છો, એ એક અકસ્માત જ છે. તમે અહીં ભણો છો... ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પપર ચડી પંખીડાં ઉડાડે છે, શહેરનાં કારખાનામાં બેવડ વળી જાય છે, વીશીઓના અંગીઠા આગળ શેકાય છે, અથવા તો મુંબઈની ચોપાટી પર પગચંપી કરે છે, કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે ઠેકાણે હોત... તો ? આગળ ઉપર જયારે તમે મોટા તીસમારખાં બની જાઓ, ત્યારે પણ આટલું આ જરી ભૂલશો નહીં. અનેક લાલચો અને પ્રલોભનો હોય, પણ પેલાં વાંદરાઓ મગરને કહેલું તેમ કહેજો કે, મારું કાળજું તો, અરે ત્યાં રહી ગયું - જરાં પેલાં કુમળાં બાળકો ટોયાં બની પંખી ઉડાડે છે, છાપાં વેચવા ફૂટપાથ પર દોડે છે, કપટી મુજરીમાં ઘસાઈ જાય છે.